ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૧૬ જુલાઈ, ૨૦૨૪

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત..!

# સમૃદ્ધિ માટે સજધજતું ગામ સૈજપુર



(તસ્વીરઃ ભરતસિંહ સોલંકી)



## સૈજપુરમાં પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ સને 1893માં કરાયો હતો

બોરસદ તાલુકામાં વિકસિત ગામોમાં અગ્રીમ હરોળમાં ગણાતું સૈજપુર ગામ સને 1600ની સાલમાં સોજીત્રાથી આવેલ પાટીદારોએ વસાવ્યું હોવાનું લોકચર્ચામાં જણાઈ આવે છે. સૈજપુર ગામમાં શૈક્ષણિક સુવિધાનો પ્રારંભ વર્ષ 1893માં 4 ડીસેમ્બરે કરાયો હતો. હાલમાં સૈજપુર પ્રાથમિક શાળા ખુબ જ અદ્યતન સુવિધાઓ સાથે પાકા બે બિલ્ડીંગો ધરાવે છે. જેમાં કુલ ધો. 1 થી 8માં 368 બાળકો, 161 કુમાર અને 207 કન્યાઓ અભ્યાસ કરે છે. શાળામાં હાલમાં શિક્ષકોની સંખ્યા કુલ 12 છે. તમામ શિક્ષકોના શૈક્ષણિક કાર્યની સાથે સાથે ઈત્તર પ્રવૃત્તિઓને કારણે તાલુકા- જીલ્લા કક્ષાએ વિદ્યાર્થીઓએ અગ્રેસર દેખાવ કરેલ છે. વર્ષ દરમ્યાન શાળામાં વિવિધ વાર તહેવાર અને વિશેષ દિનની ઉજવણી કરવામાં આવે છે. આવા દરેક આયોજન માટેની જવાબદારી દરેક શિક્ષકો ખુબ સફળતા પૂર્વક નિભાવી રહેલ છે.

## શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ માટે શિક્ષકોની જવાબદારી નિશ્ચિત કરવામાં આવી છે

| પ્રવૃત્તિનુંનામ | આયોજન કરનાર શિક્ષક |
|---|---|
| પ્રવેશોત્સવ | સુરેશભાઈ જે વણકર |
| રમતોત્સવ | કૌશિકભાઈ પી પટેલ |
| બાળમેળો | કૌશિકભાઈ પી પટેલ |
| બાળસંસદ ચુંટણી | સંગીતાબેન એસ શર્મા |
| જ્ઞાન સપ્તાહ | સુરેશભાઈ જે વણકર |
| રામહાટ | સંગીતાબેન એસ શર્મા |
| ઇકો ક્લબ | કેતનભાઈ પટેલ |
| વૃક્ષારોપણ | કેતનભાઈ પટેલ |
| ગુણોત્સવ | તેજલબેન આર પટેલ |
| ખેલમહાકુંભ | કેતનભાઈ પટેલ |
| ઉત્સવ ઉજવણી | પીનલબેન રાઠોડ |
| હેન્ડ વોશ ડે | ભાવીશાબેન એસ લીમ્બાચીયા |
| પ્રવાસ | સુરેશભાઈ જે વણકર |
| પર્યટન | સુરેશભાઈ જે વણકર |
| મુલાકાત | કાસિમભાઈ મલેક |
| વિજ્ઞાન મેળો | શ્રધ્ધાબેન પટેલ |
| સંસ્કૃતિક કાર્યક્રમ | તેજલબેન આર પટેલ |
| રાષ્ટ્રીય તહેવાર | નઝમાબેન મિરઝા |
| વિવિધ સ્પર્ધાઓ | શ્રધ્ધાબેન પટેલ |
| ઈતર પ્રવૃતિઓ | ભાવીશાબેન એસ લીમ્બાચીયા |

## આંતર જિલ્લા પંચાયત ક્રિકેટ ટુર્નામેન્ટમાં સૈજપુર પ્રાથમિક શાળાના આચાર્ય દિપકભાઈ મિસ્ત્રીની કેપ્ટનશીપ હેઠળ આણંદ જિલ્લા પંચાયતની ટીમને સફળતા મળી હતી



31મી સ્વ. બળવંતરાય મહેતા આંતર જિલ્લા પંચાયત ક્રિકેટ ટુર્નામેન્ટ વર્ષ 2022.23 રાજકોટ મુકામે યોજાયેલ હતી.જેમાં આણંદ જિલ્લાની ટીમ વિજેતા થઈ હતી.

પ્રા.શાળા સૈજપુરના આચાર્ય દિપકભાઈ મિસ્ત્રી (જિલ્લા પંચાયત ક્રિકેટ ટીમના કેપ્ટન) અને સમગ્ર ટીમનું સન્માન જિલ્લા પ્રમુખ હંસાબેન પરમારના હસ્તે કરવામાં આવ્યું અને તમામ પ્લેયરને સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું. પ્રમુખ દ્વારા રૂ.એક લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. જેની ક્રિકેટ કીટ આ દિવસે અર્પણ કરવામાં આવી હતી.





## ગુજરાતનુ એવું ગામ : જ્યાં સરકારી અનાજ વિતરણની જવાબદારી ગ્રામ પંચાયત નિભાવે છે




### અંત્યોદય સહિત વિવિધ પ્રકારના કુલ ૭૫૯ રેશનકાર્ડ ગ્રામ પંચાયત સાથે જોડાયેલા છે

સૈજપુર ગામના ગ્રામજનો પાસે પોત પોતાના અધિકૃત રેશનકાર્ડ છે. આ તમામ રેશનકાર્ડની કુલ સંખ્યા છે. જેમાં એપીએલ 1-2 વર્ગ મુજબ ૨૫૬, બીપીએલ વર્ગ મુજબ 439 અને અંત્યોદય વર્ગ મુજબ 64 રેશનકાર્ડ બોરસદ મામલતદાર કચેરી દ્વારા સૈજપુર ગામના લોકોને આપવામાં આવ્યા છે. આ તમામ રેશનકાર્ડ ધારકોને ગ્રામ પંચાયત કચેરી સાથે જ જોડાયેલા છે.

સામાન્ય રીતે ગુજરાતભરના દરેક જીલ્લામાં પુરવઠા વિભાગ હસ્તક ગામે ગામ રાહતદરના સરકારી અનાજ વિતરણની કામગીરી સેવા સહકારી મંડળી અથવા વ્યક્તિગત રીતે સંચાલકને સોંપવામાં આવતી હોય છે. પરંતુ આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના સૈજપુર ગામના રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર અનાજ પુરવઠા સહિતની કામગીરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા ગ્રામ પંચાયત નિભાવે છે.

બોરસદ તાલુકાના સૈજપુર ગામની જનસંખ્યા અંદાજે ચારેક હજાર છે. આ તમામ જનસંખ્યા મુજબ ગામમાં કુલ ૭૫૯ રેશનકાર્ડ ધારકો છે. તમામ રેશનકાર્ડ ધારકોને બોરસદ તાલુકા પુરવઠા વિભાગ દ્વારા સરકારી માપદંડ મુજબ એપીએલ ૧, એપીએલ ૨, બીપીએલ અને અંત્યોદય યોજના હેઠળ રેશનકાર્ડ આપવામાં આવેલ છે. આ તમામ રેશનકાર્ડ ધારકોને ગ્રામ પંચાયત પંચાયત સાથે જોડાયેલા છે.

ગ્રામ પંચાયત સૈજપુર સાથે જોડાયેલા તમામ રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર અનાજ પુરવઠા સહિતની વિતરણ વ્યવસ્થા સંતોષકારક રીતે સરપંચની સીધી જ દેખરેખ હેઠળ ગ્રામ પંચાયત કચેરી દ્વારા કરવામાં આવે છે. કોરોના મહામારી જેવી ગંભીર પરિસ્થિતિ સર્જાઇ હતી ત્યારે પણ ગ્રામ પંચાયત દ્વારા નિયમિત રીતે દરેક રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર અનાજ પુરવઠાનુ વિતરણ કરવામાં આવ્યું હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે પુરવઠા વિતરણ વ્યવસ્થા સંતોષકારક હોવાને કારણે આજદિન સુધી કોઇપણ રેશનકાર્ડ ધારક દ્વારા ગ્રામ પંચાયત કચેરી ખાતે કે તાલુકા જિલ્લા કક્ષાએ કોઈ પણ પ્રકારની ફરિયાદ પણ નોંધાવી હોય તેવું બન્યું નથી.

### દરેક મહિનામાં નિયમિત રીતે રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર અનાજ વિતરણ કરાયું છે

સૈજપુર ગામના રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર અનાજ પુરવઠા વિતરણની કામગીરી વ્યવસ્થા સરપંચ ગ્રામ પંચાયતને સુપરત કરવામાં આવી છે. ગ્રામ પંચાયત દ્વારા છેલ્લા પંદરેક વર્ષથી સરકારી અનાજનુ પુરવઠા વિભાગના નિયમો મુજબ નિયમિત રીતે દરેક મહીને કરવામાં આવે છે. ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવતી વિતરણ વ્યવસ્થા ખુબ જ સંતોષકારક રહી છે. એન એસ એફ એ, બીપીએલ અને અંત્યોદય યોજના હેઠળ મળવા પાત્ર દરેક અનાજ પુરવઠા તેમજ તેલ ખાંડ દાળ મીઠું કેરોસીન વગેરે વિતરણ વ્યવસ્થા જાળવવામાં આવે છે.

## સૈજપુર ટાઉન ટોક

### સૈજપુર ગામનો પરિચય

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 1172 |
| કુલ વસ્તી | 5582 |
| કુલ પુરૂષો | 2889 |
| કુલ સ્ત્રીઓ | 2693 |

### સાક્ષરતા દર

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 76.62 |
| પુરૂષ સાક્ષરતા દર | 90.13 |
| સ્ત્રી સાક્ષરતા દર | 66.40 |

### ખેડૂતો

| | |
|---|---|
| ખેડૂતો | 411 |
| ખેત મજૂર | 1281 |
| સીમાંત વર્ગ | 298 |

### બીપીએલ

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 608 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 932 |

### પશુધન

| | |
|---|---|
| પશુધન | 1842 |
| ગાય | 195 |
| ભેંસ | 1498 |
| અન્ય | 124 |

### જમીન ક્ષેત્રફળ

380 હેક્ટર 53 આરે 74 ચો. મી.
ગૌચર 3 હેક્ટર 14 આરે 14 ચો.મી.

### વાવેતર વિસ્તાર

329 હેક્ટર 10 આરે 37 ચો.મી.

### સિંચાઈ વ્યવસ્થા

મુખ્ય સ્ત્રોત :

| | |
|---|---|
| કુવા | 317 હેક્ટર 10 આરે 37 ચો.મી. |
| ટ્યુબવેલ | |
| નહેર | 12 હેક્ટર 00 આરે 00 ચો.મી |

### શૈક્ષણિક સગવડ

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 05 |
| માધ્યમિક શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 690 |
| આંગણવાડી | 06 |

### આરોગ્ય સુવિધા

| | |
|---|---|
| પેટા આરોગ્ય કેન્દ્ર | 01 |

### વીજળીકરણ

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 972 |
| ખેતી વિષયક જોડાણ | 37 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 54 |

### એલપીજી ગેસ વ્યવસ્થા

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 650 |

### સખી, સ્વસહાય જુથ

| | |
|---|---|
| સખી મંડળોની સંખ્યા | 02 |
| સ્વસહાય જુથ | 05 |
| જોબ કાર્ડ પરિવાર | 819 |

### રસ્તાની સુવિધા

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### યોજનાકીય લાભાર્થીઓ

| | |
|---|---|
| સ્વાસ્થ્ય વિમા | 932 |
| વિધવા સહાય | 26 |
| વૃદ્ધા પેન્શન | 102 |